ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા ૨૧મે આતંકવાદ વિરોધી દિવસ ઉજવાયો

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત હોમગાર્ડ સબ યુનિટના જવાનો દ્વારા તા. ૨૧ મે રાષ્ટ્રીય ત્રાસવાદ વિરોધી દિનની ઉજવણીના ભાગરૂપે માર્કેટયાર્ડ ખાતે ૫૦ થી વધુ ચિલોડા હોમગાર્ડ જવાનોએ પરેડ કરી શહીદી વોહનાર જવાનો કે અન્ય વીર જવાનો માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં યુનિટના ઈન્ચાર્જ ઓફિસર બિપિન એમ. રાઠોડ, એન.સી.આર અમિત એ. પટેલ તેમજ કે.કે. પરમાર હાજર રહી સહયોગી બન્યા હતા. ભારતના યુવાન વડાપ્રધાન રાજીવ ગાંધીનું ખૂન થયું તે દિવસને ત્રાસવાદ વિરોધી દિન તરીકે ઉજવી આતંકવાદ, ત્રાસવાદ વિરોધી જન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. દિવંગત રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવે છે.

બીજા રાઉન્ડમાં ૬,૩૩૪ વિદ્યાર્થીઓને RTE હેઠળ પ્રવેશ : આજથી ત્રીજો રાઉન્ડ

ગાંધીનગર, તા.૨૫

RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૨-૨૩ અંતર્ગત નબળા અને વંચિત જૂથનાં વિદ્યાર્થીઓ ત્રીજા રાઉન્ડ માટે તા.૨૬ મે થી ૨૮ મે-૨૦૨૨ દરમિયાન ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરી શકશે એમ પ્રાથમિક શિક્ષણ નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર RTE ACT-2009 અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષે RTE પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ તા.૧૭/૦૫/૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો.

જેમાં આશરે ૬,૩૩૪ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થઈ હોય અને RTE પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડમાં પ્રવેશ મળેલ નથી માત્ર એવા જ વિદ્યાર્થીઓને આર.ટી.ઈ હેઠળની ખાલી જગ્યા ધરાવતી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃપસંદગી કરવા તક આપવામાં આવે છે. જેથી, વધુમાં વધુ વિદ્યાર્થીઓને RTE હેઠળ પ્રવેશ આપી શકાય. જે વિધાર્થીઓ RTE હેઠળ કરેલ અરજીમાં પસંદ કરેલ શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા માંગતા હોય તેવા વિધાર્થીઓએ તા. ૨૬ મે થી ૨૮ મે-૨૦૨૨ દરમિયાન RTEના વેબપોર્ટલ http:// rte. orpgujarat. com પર જઈ શાળાઓની પુનઃ પસંદગીનાં મેનુ પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ એપ્લીકેશન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઇન કરી શાળાઓની પુનઃ પસંદગી કરવાની રહેશે.

શાળાઓની પુનઃ પસંદગી વખતે પોતાની પસંદગીનાં ક્રમ મુજબની શાળાઓ પસંદ કરવાની રહેશે. ત્યારબાદ સબમીટ બટન પર ક્લિક કરી પ્રિન્ટ મેળવી પોતાની પાસે રાખવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રિન્ટની નકલ રિસિવિંગ સેન્ટર પર જમા કરાવાની નથી.

ફાયર અને સેફટીના કર્મચારીઓને "ગર્વ" થી સન્માનિત કરાયા

ગાંધીનગર,તા.૨૫

સમગ્ર રાજયના ફાયર વિભાગના અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહન મળી રહે તેવા ઉમદા હેતુથી રાજયમાં પ્રથમવાર સેકટર-૧૭ લાયબ્રેરી સામે ગર્વ ફાઉન્ડેશન દ્વારા "ગર્વ" એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં બોલીવુડની જાણીતી અભિનેત્રી અમિષા પટેલ અને અભિનેતા આદિત્ય પંચોલી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જયારે રાજયના મંત્રી વિનોદભાઈ મોરડીયાના હસ્તે રાજયની ૨૬ ફાયર બિગ્રેડની ટીમને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ સહિત ગુજરાત ફાયર વિભાગના અધિકારીઓ સહિત ગાંધીનગર ફાયર બિગ્રેડના ફાયર ઓફિસર કેઝાદ દસ્તુર, સબ ફાયર

ઓફિસર કે.જે.ગઢવી અને સીનીયર ફાયરમેન રાજકુમાર રાજપુત સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

રાજયના નાગરીકોની સલામતી અને સુરક્ષા માટે હર હંમેશ પોતાના જીવની પણ પરવા કર્યા વિના નિસ્વાર્થ ભાવે નાગરીકોની સેવા કરતા ફાયર અને રેસ્ક્યુ ઓફિસર્સની ઉમદા કામગીરીનું સન્માન કરવા અને નાગરીકોની સમક્ષ તેઓની સાહસીક કામગીરી અંગે જાણકારી ફેલાવવાના ઉદેશ્ય સાથે ગાંધીનગર શહેરના સેકટર-૧૭ લાયબ્રેરી પાસે ગુજરાત ફાયરએન્ડ રેસ્ક્યુ એવોર્ડસ ગર્વનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયના ફાયર વિભાગના અધિકારીઓની ઉમદા કામગીરીની ઓળખ કરી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે સુરત અગ્નિકાંડમાં જે નિર્દોષ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા હતા તેમના આત્માની શાંતી માટે કાર્યક્રમના પ્રારંભે મૌન પાળવામાં આવ્યું હતું. આ એવોર્ડ સમારોહમાં ફાયર એન્ડ સેફટી વિભાગના ૨ હજારથી વધુ અધિકારી-કર્મચારીઓના પરિવારજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં રાજય સરકારના વિવિધ મંત્રીશ્રીઓ, બોલીવુડ અને ગુજરાતી ફિલ્મી જગતના કલાકારો, આગેવાનો, હોદેદારો, ખાસ હાજર રહ્યા હતા. જયારે જાણીતા કલાકારોએ સીગીંગ અને ડાન્સ, ફોક સિંગરનું પરફોર્મન્સ, કોમેડી, પોલીસ બેન્ડ પર્ફોમન્સ સહિત મનોરંજનના કાર્યક્રમો યોજાયા હતા.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસો. દ્વારા ૩૧મી ઓપન એર રાયફલ શુટીંગ સ્પર્ધાનું આયોજન ૨૯-૩૦ મે ના રોજ કરવામાં આવ્યુ છે.

● આજે સુઘડ ખાતે કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાશે.

● કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત બાળ મંડળના બાળકોને માર્ગદર્શન અપાયુ હતુ. જેમાં સમાજના આગેવાનો અને વડીલો પણ જોડાયા હતા.

● સે. ૨૨માં ડિવાઈડર નાખ્યા પછી હવે રોડને પહોળો કરવા માટેનું ખોદકામ શરૂ થતાં વધુ એક સમસ્યા ઉભી થઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં વધ-ઘટ અને આંતરિક બદલીનો કેમ્પ પૂર્ણ થયા પછી જિલ્લામાં શિક્ષકોની ઘટ ઓછી થઈ છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગ મચ્છર અને ડેન્ગ્યુના કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે.

● ગાંધીનગર મનપા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેના પગલાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● આઈપીએલ ફાયનલમાં ગુજરાતની એન્ટ્રી નિશ્ચિત થતાં જ મોદી સ્ટેડિયમમાં ટિકિટો માટેની લાઈનો વધી ગઈ.

● રાજયના મુખ્ય સચિવે આજે વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે જિલ્લાઓના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.

● આજે ગુરૂવારે અપરા એકાદશી હોવાથી છ જેટલા શુભસંયોગ ઉભા થઈ રહ્યા છે તેવુ જ્યોતિષાચાર્યો કહી રહ્યા છે.

પેથાપુર ચરેડી વડ પાસેથી ટુ-વ્હીલર વાહન ચોરને પકડી પાડ્યો

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનુ નામ લેતી નથી. ત્યારે એલસીબી પોલીસે પેથાપુર ચરેડી વડ મહાદેવ મંદિર નજીકથી એક શખ્સને ચોરીના ટુ-વ્હીલર સાથે પકડી પાડી ગણતરીના દિવસોમાં એલસીબી-૨ એ વાહનચોરીનો ભેદ ઉકેલી દીધો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા વાહનચોરી અટકાવવા અને શોધી કાઢવા માટે જરુરી સુચના આપતા એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના

માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો વિવિધ ટીમ બનાવી ગુનાવાળી જગ્યાની વિઝીટ કરી હ્યુમન સોર્સ ઉભા કરી આરોપીઓને પકડી પાડવા માટે વર્ક આઉટ કરી રહ્યા હતા. તે સમયે એલસીબી-૨ ના એએસઆઈ હરદેવસિંહ દલપતસિંહ તેમજ કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ અને જયદિપસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ નંબર વિનાનું ટુ-વ્હીલર લઈ પેથાપુર ગામથી ગાંધીનગર તરફ આવનાર છે. જેથી પોલીસ વોચમાં હતી તે દરમિયાન વર્ણન મુજબનું શંકાસ્પદ ટુ-વ્હીલર લઈ એક શખ્સ આવતા ટીમે તેને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સની પુછપરછ કરતા વાહન ચોરી થયાનું પ્રાથમિક માહિતી મળી હતી.પેથાપુર પોલીસ મથકે રેકર્ડ પર તપાસ કરતા ત્રણ દિવસ અગાઉ ચોરી થયાનું જાણવા મળ્યું હતું. જે અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયેલ હતો. જયારે પોલીસે આરોપીનું નામ પુછતા તેણે સુરજસિંહ ઉર્ફે અજમેરસિંહ લાલસિંહ ભદોરીયા (રહે. હાલ ગામડીવાલાઝ ડેરી સેકટર-૨૮ ગાંધીનગર મુળ રહે. ગામ ગોહરા પો-નવી ગઢી ભીંડ મધ્યપ્રદેશ) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે રૂ.૪૫ હજારનું નંબર વિનાનું ડેસ્ટીની ટુ વ્હીલર કબ્જે કરી આગળની તપાસ ખાતે આરોપીને પેથાપુર પોલીસ મથકે સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

ગાંધીનગર જીલ્લા કક્ષાની ઓપન એર રાઈફલ શુટીંગ સ્પર્ધાનું આયોજન

યુથ, જુનિયર અને સિનિયર એમ ત્રણ કેટેગરીમાં સ્પર્ધા યોજાશે : એન્ટ્રી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૮મી મે અને સ્પર્ધા ૨૯-૩૦મે દરમ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાઈફલ એસોસિએશન દ્વારા આગામી તા. ૨૯ અને ૩૦ મે, ૨૦૨૨ રવિવારથી સોમવારના રોજ સવારે ૯ થી સાંજના ૬ કલાક દરમ્યાન ૩૧મી ઓપન એર રાયફલ શૂટીંગ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધા ગાંધીનગરના કોબા નજીક પીડીપીયુ રોડ પર બીઝનેસ પાર્કની સામે સિલિકોન હિલ્સના ચોથા માળે કાર્યરત એસોસિયેશન સાથે એફિલીટેડ સ્પોર્ટ્સ ક્લબ "કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશન"ની શુટિંગ રેન્જ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં ૧૦ મીટર એર રાઈફલ અને એર પિસ્ટલ માટે મેચ ઈવેન્ટ પણ યોજાશે.

આ સ્પર્ધામાં યુથ કેટેગરી માટે ૧૨થી ૧૮ વર્ષ, જૂનિયર કેટેગરી માટે ૧૮થી ૨૧ વર્ષ, સિનિયર કેટેગરી માટે ૨૧ વર્ષથી ઉપર એ રીતે વય મર્યાદા નિયત કરવામાં આવી છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળા કોલેજો સંસ્થાઓ તેમજ ઓપન વિભાગના સ્પર્ધકોએ પોતાની એન્ટ્રી ફોર્મ ભરીને નિયત અંતિમ તારીખ પહેલા પહોંચાડવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવાની અંતિમ તારીખ ૨૮મી મે, ૨૦૨૨ છે જે માટે અમિતસિંહ મસાણીનો મો.નં.૭૨૮૫૦૩૦૦૦૭ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે તેવું એસોસિયેશનની અખબારી યાદીમાં જણાવાયું છે. આ સ્પર્ધા જિલ્લાના દરેક સ્પર્ધક માટે ખુલ્લી રહેશે અને રજિસ્ટ્રેશન માટે જન્મતારીખનો આધાર પુરાવો આપવાનો રહેશે.

વાસણા રાઠોડના પાર્થ ઠાકોર ચકચારી કેસમાં લુંટનો મુદ્દામાલ કબ્જે કરતી ડભોડા પોલીસ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર જિલ્લાના દહેગામના વાસણા રાઠોડ ગામના જમીન દલાલ અને ફાયનાન્સના ધંધા સાથે સંકળાયેલ પાર્થ ઠાકોરના ચકચારી હત્યા કેસમાં સહ આરોપીને ડભોડા પોલીસે પકડી પાડ્યો છે.જયારે આરોપીને પકડી પાડી લુંટી લીધેલો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના વાસણા રાઠોડ ગામના પાર્થ ઠાકોર ચકચારી કેસમાં નરોડા સ્વામીનારાયણ ફ્લેટ ડી-૫૯ ખાતે રહેતો ચિરાગ વિનોદ પટેલ ને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે રીમાન્ડ મેળવી તેની પુછપરછ કરતા ચિરાગે અને પાર્થ ઠાકોરે ભેગા મળીને ગાંજો પીધો હતો. તે પછી પાર્થ ચિરાગને ઠપકો આપતો હોવાથી તેણે કેનાલના પાણીમાં ધક્કો મારી દીધો હોવાની કબુલાત કરી હતી. પોલીસે આરોપીના તેમજ પાર્થ ઠાકોરના તેમજ અન્ય શંકાસ્પદ મોબાઈલના સીડીઆર મંગાવવામાં આવ્યા હતા. જયારે જરુરી સીસીટીવી ફુટેજ મેળવી ચેક કરવામાં આવતા અને ટેકનીકલ સર્વેલન્સની મદદથી તપાસ કરતા આરોપીનો સાળો (કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોર) પણ સંકળાયેલ હોવાથી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી. જેથી ચિરાગે પોલીસને જણાવ્યું હતું કે બનાવના દિવસે મારો સાળો પણ હાજર હતો. પાર્થ ઠાકોર અને ચિરાગ વચ્ચે ઝઘડો થતા ઝપાઝપી થઈ હતી. તે પછી ચિરાગ અને તેના સાળાએ પાર્થનો મોબાઈલ અને સોનાની ચેઈન લુંટી લીધી હતી. જયારે પાર્થ ઠાકોરને કેનાલમાં ધક્કો મારી નાંખી દીધો હતો.ત્યારપછી પાર્થની ગાડીમાંથી પાર્થનું પર્સ લઈ તેમાં રહેલા રૂ.૬ હજાર લઈ લીધા હતા અને પર્સ ચિરાગે તેની સોસાયટીની નજીક તારની વાડ પાસ ફેંકી દીધુ હતું. જયારે રાત્રીના સમયે વિવિધ પેટ્રોલ પંપથી પેટ્રોલ લઈ પાર્થની ગાડી હનુમાન મંદિર ખાતે પડી હતી. ત્યાં જઈને સળગાવી દીધી હતી. પોલીસે ચિરાગ પટેલના સાળાને (કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર) ને પણ અટકાયત કરાઈ છે. જયારે ડભોડા પોલીસે પાર્થ ઠાકોરની સોનાની ચેઈન કિં.રૂ.૧.૮૬.૪૦૮,ની કબ્જે લીધી હતી. જયારે પાકીટ ફેંકી દીધુ હતું તે સ્થળ પરથી પાકીટ પણ કબ્જે કર્યું હતું. જયારે બહીયલના તરવૈયાની મદદ લઈ રાયપુર કેનાલમાંથી પાણીમાં તપાસ કરાવી પાર્થનો મોબાઈલ ફોન શોધી કાઢ્યો હતો. જયારે ડભોડા પોલીસે સહ આરોપીને પકડી પાડી લુંટમાં ગયેલ મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સિવિલ કેમ્પસમાં મોડી રાતે મારામારી

ચાઈજી ના યુવા વેપારીને જુની અદાવત રાખી માથામાં કાચની બોટલ મારી : પાલજ, લેકાવાડા અને વાવોલ ગામના શખ્સ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ચાઈ જી પાસે મોડીરાત્રે મારામારીની ઘટના સામે આવી છે. જેમાં ચાઈ જી ના સંચાલક યુવક પર જુની અદાવત રાખી ત્રણ શખ્સોએ ગાળાગાળી કરી, ગડદા-પાટુનો માર મારી માથાના ભાગે બાટલી મારતા યુવકને લોહી નીકળતા તાત્કાલીક સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. જયાં યુવકને પ્રાથમિક સારવાર આપી એડમીટ કરવામાં આવ્યો છે.જયારે બનાવ અંગે ચાઈજીના યુવકે ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે નજારો અલગ હોય છે. મોડીરાત સુધી આ વિસ્તાર યુવાવર્ગ થી ધમધમતો હોય છે. સિવિલ કેન્ટીન અને ચા-નાસ્તાની દુકાનોને પગલે મોટીસંખ્યામાં યુવાનો અડીંગો જમાવી મોડીરાત સુધી બેઠા હોય છે. તંત્રની મીઠી નજર હેઠળ કેમ્પસમાં મોડીરાત સુધી દુકાનો ધમધમે છે. કેમ્પસમાં દવાતો મળતી નથી પરંતુ ચા-નાસ્તાની દુકાનો મોડીરાત સુધી ચાલુ હોય છે.ત્યારે ગતરાત્રીએ ચાઈજી દુકાન ધરાવતા યુવકને એક શખ્સે માથામાં કાચની બાટલી મારી હતી. ફિલ્મી સ્ટાઈલથી હોબાળો મચાવતા અન્ય યુવકો પણ ગભરાઈને નાસી ગયા હતા. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લેકાવાડા ગામમાં અંબિકાનગર ખાતે રહેતા નરેન્દ્રસિંહ ભીખુસિંહ વાઘેલા ચાઈ જી દુકાન ચલાવે છે. ફરીયાદીને પાલજના મોન્ટુ સાથે ખુરશી તુટી જવા અંગે બે ત્રણ માસ અગાઉ બોલાચાલી થઈ હતી. જે તે સમયે પણ ખુરશી અંગે ઘર્ષણ થયું હતું. ત્યારે ગત મોડી રાત્રે ચાઈ જીની દુકાન પર સંચાલક નરેન્દ્રસિંહ વાઘેલા હાજર હતા. તે સમયે ત્રણેય જણા સિવિલ કેમ્પસ ખાતે આવ્યા હતા. જેમાં વાવોલ ગામના ભલી, પાલજ ગામનો મોન્ટુ અને લેકાવાડા ગામના જયદિપસિંહ મહિપતસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. ફરીયાદી નરેન્દ્રસિંહને જુની અદાવત રાખી ત્રણેય શખ્સોએ ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે વાવોલ ગામના ભલીએ માથાના ભાગે કાચની બોટલ મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. માથાના ભાગે ઈજા થતા તેઓને સારવાર માટે સિવિલ લઈ જવાયા હતા.જયારે ત્રણેય શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામના ગ્રામવાસીઓ ઉભરાતી ગટરોના કારણે પરેશાન છે. વારંવાર ગટરો ઉભરાતી હોવાથી ગ્રામવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનું નિરાકરણ કરવામાં આવતું નથી.

Change in Name

I have changed my old name is **Kinoo Ashvinkumar Patel** to New name is **Krupa Ashvinkumar Patel**
Address : Plto No. 137/1, Sector-23, Gandhinagar

આઝાદી નો અમૃત મહોત્સવ
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા તરફ

નવી દિશા - નવું ફલક

શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત અને
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
કૃષિ અને પશુપાલન વિભાગના સહયોગમાં

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગેનો પ્રથમવાર સુગ્રથિત સ્વરૂપે આયોજિત સેમિનાર

૮ મહાનગરપાલિકા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૨૬/૦૫/૨૦૨૨

૨૫ જિલ્લા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૩૦/૦૫/૨૦૨૨

૨૪૯ તાલુકા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૦૧/૦૬/૨૦૨૨ થી ૦૬/૦૬/૨૦૨૨

સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

ઉપરોક્ત કાર્યક્રમોના સ્થળની વિગતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તે માટે આ કાર્યક્રમમાં તજ્જ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે. જેનો લાભ મેળવવા વિદ્યાર્થીઓ અને વાલીઓને અનુરોધ કરવામાં આવે છે.

શ્રી કીર્તિસિંહ વાઘેલા
રાજ્યકક્ષાના મંત્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત રાજ્ય

શ્રી જીતુભાઈ વાઘાણી
શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય